શ્રી ચીંતામણીજીના દેરાસરવાળી

શ્રી જૈન

સુરત સંગીત--જૈન

પ્રકાશક મંડળીમાં

[redacted]તાં

સ્તવનો.

આ મંડળી તરફથી

છપાવી પ્રસિદ્ધ કરનાર મંડળીના મેનેજર

સુરજમલ પુનમચંદ.

અમદાવાદ

ધીકાંટે-શા. કેશવલાલ ગુલાબચંદે પોતાના-ધી
"ચંદ્રપ્રકાશ" પ્રીન્ટિંગ પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૫૬. સને ૧૯૦૦.

કીંમત બે આના.

પ્રસ્તાવના.

સર્વે જૈન ધર્મના અભિલાષી સજ્જનોને વિનંતી પુર્વક અરજ કરવામાં આવે છે કે આ ભરતખંડને વિષે હાલમાં જુદી જુદી જૈન મંડળીઓ તરફથી અગણિત જૈનસ્તવનોનાં પુસ્તકો બહાર પડે છે. અને તેમાં ગઝલ ઠુમરી કેરબા હોરી લાવણી ગરબા વિગેરે નાટકોના ગવાતા રાગોના સ્તવનોનો સમાવેશ કરવામાં આવે છે. તે પ્રમાણે અમારી મંડળીને પણ કેટલાક સદ્ગ્રહસ્થો તરફથી પુસ્તક છપાવવાની માગણીઓ થવાથી જૈન હીતોપદેશક સ્તવનાવળી નામનો આ લઘુ ગ્રંથ બહાર પાડ્યો છે. તેમાં કેટલાક જુના વખતના તેમજ હાલનાં નવાં સ્તવનો સમાવેલાં છે.

આ ગ્રંથમાં ઘણાખરા રાગો તરેહવાર નાટકમાં ગવાતા ગાયનોનાજ નાંખવામાં આવેલા છે, આ નાટક રૂપી રાગો નાંખવાનો મુખ્ય હેતુ એ છે કે આ અર્વાચીન કાળમાં લોકોને નાટકના રાહ ઘણા પસંદ પડે છે, વળી ઘણા જૈન ભાઇઓને તથા તેમના ઉછરતા યુવાન અવસ્થાના બાળકોને આ રાગ ઘણા ઉછરંગભેર ગાવા ગમે છે. માટે નાટકોના ગાયનો ગાયા કરતાં કંઇક ધર્મરૂપી તેજ રાગમાં ગાયનો ગવાય તો ઘણુંજ સારૂ થાય અને પોતાના આત્માનું કલ્યાણ થાય, તેવું ધારી આ ગ્રંથ નાટકના રાગમાં રચ્યો છે, ગ્રહસ્થો ? હું કંઈ કવી નથી પણ ઘણાક જૈન પુસ્તકો વાંચીને તથા લોકોને મોઢે સાંભળીને તેમાંથી લોકપ્રીય ગાયનો પસંદ કરી આ પુસ્તકમાં નાંખ્યા છે.

લિ. શેવક નાનાભાઇ દામોદર વાજીંત્ર શિક્ષક

તે શ્રી ચીંતામણજીના દેરાસરવાળી

સુરત સંગિત મંડળી જૈન પ્રકાશક મંડળીના

સગિત શિક્ષક.

જૈનહિતોપદેશક સ્તવનાવળી.

ગાયન ૧ લું.

કલ્યાણ તીલાલો-તાલ ત્રીતાલો.

નમીએ નિત્ય જીનવર દૃઢ કરી મન, રમીએ રીત ચિત ધરી દૃઢકરીમન
તાલ તુમક થા થેંાગ થેંાગ તીતી તયા દીગ દીગ, તનન તદીયનરે
તનનનનનન તદીયનરે,
ધેતર કટતા તરકટ ધીધીકટ ધાતર કટતા તિરકટ ધુમ કટ.
થેંાગ તત થેંાગ તત તતથૈયા તતથૈયા તત,
ધા ગીંધા ધા ગીંધા કીટ કીટ, ધા કીટ કીટ ધા કીટ કીટ કીટ ધા
ચટપટ લે ચટપટ લે ચટપટ ચતુર ચનનન
મનને મારી તાર તનને તનનંનન, તનના તારક ત્રિભુવન તનનનનન
નમીએ.—

જનમન રંજન પ્રભુ ભય ભજન,
ગંજનદારીદ્ર દુખં સુખને સજાવનાર;
નીજ હીત પ્રીતે નિત ચિત ચાહો ચીદાનંદ
હીતનો હમેશ પતિ વિતનો આપાર દાતા
ધાતા સુખ દાતા મુક્ે ન વિસરજન,
મનની માહી કર જન મન મનનન
તનને તાર સુખં કરનર સનનન,
જંનતું જાણુ જગદીશ્વર જનનન;
ધર્મ ધાર ધર નાર તુ ધનનન,
છનન છનન છી છી છુમ છુમ છનનન
કર કર કર કર કર કર કર કર, કર તું સ્મરણુ મન—નમીએ.

ગાયન ૨ જું.

કલ્યાણ-તાલ ત્રીતાલો.

અનુપમ રચના શી, શોભે આહા શ્રી જીનરાજ,
પ્રભુ મનોહર સુરતી શી, શોભે આહા શ્રી જીનરાજ,
તાહારા કીરતીનો નહી પાર, તુજ રચના છે અપરમ પાર;
પાર ઉતારો એ કીરતાર—અનુ૦
પાર્શ્વ પ્રભુજી તું સરદાર, સુરતી સંગિત મંડળી તાર,
વિનતી સ્વીકારો પાલન હાર—અનુ૦

ગાયન ૩ જું.

મહારાડતાલ લાવણી પછીથી અંદ્દા અને દાદરો

કરમાં લઇ ફુલ* માળ પુંજવા કરમાં લઇ ફુલ માળ
આવ્યો પાસજી હાલ, પુંજવા કરમાં લઇ ફુલ માળ;
તમે સુધારો, આ ભવ મારો,
આપ વીના આ દેહ અકારો,
છેડો છબીલા નહી છોડનારો;
પાસજી પ્યારા કહીએ તમારો, ભકત ગણી નાથ પાર ઉતારો
(મને ના તજશો સુખકર આપનું નામ છે)
તેથી કરોને નહાલ, હારે પ્રભુ તેથી કરોને નહાલ,
પુંજવા કરમાં લઈ ફુલ માળ.

ગાયન ૪ થું.

સીંધ,-તાલ, લાવણી.

વિનંતી ધરજો અમારી ધ્યાન, વીનંતી ધરજો અમારી ધ્યાન,
છઇએ અમે અજ્ઞાન—વિનંતી
તુમ દરશનને કારણે આવ્યા મંદીર આજ.
અરજી અમારી સાંભળી, કીજે પુરણ કાજ,—વિનંતી.
પ્રભૂ મુખડું બહુ દીપતું, જોતાં મન મલકાય;
પળ એક પ્રભુને સમરતાં, બહુ ખુશાલી થાય.—વિનંતી.
જૈન મંગળ મંડળી કહે, વિનંતી અમારી સાર.
દયા આણી દીલ વિષે, ચડો અમારી વા'ર,—વિ

ગાયન ૫ મું.

સીંધ, તાલ દાદરો.

આનંદ આનંદ વ્યાપીઓ, ગોડી પાર્શ્વ જોઇને—આનંદ૦
તુમ કૃપાથી આજ અમે, સ્તવન કરીએ નીરધાર;
ભવજળ પાર ઉતાર—ગોડી.
હું તો દુષ્ટ પાપી પ્રાણી, આવ્યો તારે દ્વાર,
પ્રભુ મોક્ષ માર્ગ દેખાડ—ગોડી.
સુરતી જૈન સંગીત મંડળી, ગાયેછે ગુણ આજ,
પ્રભુ રાખ અમારી લાજ—ગોડી.

ગાયન ૬ ઠું.

ઝીલ્લા,—તાલ ખેમટો.

ઘન ઘટા ભુવન રંગ છાયા, જીણંદ ગુણ ગાયા ખુશી થાયા;
પ્રભુ તું છે નીરંજન અલેખી, મને જ્ઞાન આવે તુજ દેખી;
તમે મોહ માયાના ત્યાગી—પ્રભુજી મને તારો પાર ઉતારો,
પ્રભુ અરજી અમારી ઉર ધારો મારા પાપ તમે નીવારો
હવે નથી બીજો કંઇ આરો પ્રભુજી,
સુરતી સંગીત મંડળી આવી, મન વંછિત ફળ એ પાઇ,
તોરા દરશન જોઇ ખુશી થાઇ. જીણંદ.

ગાયન ૭ મું.

રાસડો, બરવા, તાલ દીપચંદી, પછીથી ઠીંચ અને લાવણી.

વીર જીનેશ્વર વંદન વિધુ ભવી કુમુદ નિહાળી;
અધિક આનંદિત થાય સદા સમકીત અજુઆળી,
મણી માણેક હીરલે જડયોરે લોલ સોવન મુગટ માથે ચડયોરે લોલ.
કાને કુંડળ બાંહે બેરખાંરે લોલ, નંગ જડયાં માહિનવલખાંરે લોલ,
નોહર મુક્તા ફળના હાર કે હૈડે હસી રહ્યારે લોલ,

જે ભવ જળથી તારણ હારના દીલડે વશી રહ્યારે લોલ,

સાખી } ચૌદ રાજમાં ચાંદની, પ્રસરી રહી જીન રાજ,
શીતળ સુખકર સર્વના, કરતી વંછીત કાજ,

રાગ દ્વેશ વેરી નવ નડેરે લોલ, વેગળી ઉભી કુમતી રડેરે લોલ,
ભવ્ય નહીં ભુલા પડેરે લોલ, શીવ શેહેરનો રસ્તો જડેરે લોલ,

સાખી } જગજીવન જગનાથ તું, જગત ગુરૂ જગ તાત,
ત્રિવિધી તાપ ટાળક તમે, શીવ સુખ કર શાક્ષાત,

સમકીત લક્ષ્મી નીત સચવાય, નહી કોઇ લુટશેરે લોલ,
પ્રભુ મુખ ચંદ્ર પ્રકાશ પસાય, નહીં કોઇ કુટશેરે લોલ,
શીવ સુત કેશવને માહવીર મંડળી વળી,
પ્રભુ પદ પંકજ તે પ્રણમે લળી લળી—વીર.

ગાયન ૮ મું.

પીલુ જીલ્લા, તાલ કેરબો.

સમર જીનરે, તુજ આત્મ ગુણ ઉત્તમ લેશે પ્રભુછે કેવળ હીતકારી.
હે ભક્તિ વિનયને વધારી, સફળતો દીનરે તુજ આત્મગુણ ઉત્તમ લેશે

સાખી—ચરણ કમળમાં ચીતકર, પરમ લાવીને પ્રેમ.
ભકિત ભાવે દ્રઢ રહેવાથી પામે યોગીક ક્ષેમ.

મન રાખ અખંડ લગાઇ, જ્યાં સકળ ગુણ ગણ છાઇ,
કેવળ જળ મીનરે—તુજ૦

સાખી—જીન મંડળ ક્ષણીક સકળથી માનો આત્મા બીન્ન.
માત્ર સમજની ભુલથી માયામાં મન લીન—મનરાખ૦

ગાયન ૯ મું.

બેહાગ, તાલ ખેમટો, પછી દીપચંદી.

પ્યારો લાગે મોહે પ્યારો લાગે મોહે નેમ છબી મન મોહેના.
મન મોહેના, પ્રભુ મોહેના—પ્યારો૦

લહયો મે દરશ તોરો હરખ્યો નજરીઓસે જૈન સમુદાય બીતી આ
અમુનારી આવારી કટારી આભારી નીવારી ઉતારી **આ. મન મોહેના**
મન મોહેના, પ્રભુ મોહેના—પ્યારો.

ગાયન ૧૦ મું.

ખમાચ, તાલ પંજાબી.

પ્રભુ દેખત, આંગી તોરે અંગકી—ટેક.
અયેસી આંગી સુમતી નાથકી, સેવકકો લગે આનંદકી—પ્રભુ
મુખ તેરા જ્યું ચંદ્ર પ્રકાશે, આંગી બની હયે કટોરનકી—પ્રભુ
કહે મલુકચંદ એ પ્રભુ સાચો, પુજા કરો એ જીનેશ્વરકી—પ્રભુ

ગાયન ૧૧ મું.

કલ્યાણ, તાલ કેરબો.

ચંદા પ્રભુજીસે ધ્યાનરે મોરી લાગી લગનવા,
લાગી લગનવા છોડી ન છુટે, જબ લગ ઘટમે પ્રાણરે—મોરી૰
દાન શીયળ તપ ભાવના ભાવો, જૈન ધરમ પ્રતીપાળરે—મોરી૰
હાથ જોડકે અરજ કરત હયે, વંદત શેઠ ખુશાલરે—મોરી૰

ગાયન ૧૨ મું.

પીલુ જીલ્લા, તાલ દીપચંદી.

આજ પ્રભુજીકા દરશન પાયા, સંગ મળી જીનના ગુણ ગાયા
ત્રીશલા માતાના છો જાયા, અતી આનંદ ધરી દીલ થાયા,
પ્યારા પ્રભુજી કહું શીરનામી, સ્હાય થશો પ્રભુ અંતર જામી,
ઇચ્છા પુરો મુજ મોક્ષના ધામી, પાર ઉતારો દુખડા વામી,
સુરત દીઠી, લાગે મીઠી, પાય પડી, હર્ષ ધરી,
સુરત તોરી લાગે પ્યારી, વીનતી કરે સૌ નર નારી,
દરશન આયો, વિધ્યા ગ્રહ ગાયો,—આજ૰

ગાયચ ૧૩ મું.

સીંધ, તાલ દાદરો.

પ્રભુ આદી જીણંદારે,
સુણો સુણો પ્રભુ મોરી અરજી જરા ધ્યાન લગા, આદી.
દીલમે કર પયેછાન, મેરી ભુલ ચુક ના વીચાર,
શરણુ તુમારે આયો શરણુ તુમારે. સુણો.
મુજપે રહે આસાન, કહે જૈન પ્રકાશક જોડી હાથ,
લાજ હમારી, રહે લાજ હમારી. સુણો.

ગાયન ૧૪ મું.

ભેરવી-તાલ ખેમટો.

સાખી.—બંદી તુમારી ચરણકી, કરજો મુજે ખ્યાલ;
અરજ હમારી કહેતી હું, સુણ સાહેબ એકવાર
શ્રી ચીંતામણ ચીતથી, ચીંતા હરો દયાળ,
આશા લાગી બહુ દીનકી, કરજો મુજે નેહાલ.
આયે તોરે શરણે નજર કર નાથ,
તું હયે મેરા ચંદા મયે સેવું સુખ કંદા.
તુજે વંદુ મયે પાસ જીણંદા—નજર કર નાથ.
ગોપાળચંદ બંદા તુમ ગાવે ગુણ છંદા,
તોરી સેવામે પાઉં આનંદા—નજર.

ગાયન ૧૫ મું.

બરવો, તાલ દાદરો.

ચીંતામણ પાર્શ્વ પ્રભુ અરજ કરૂ મયે તુજકું,
અબ મોરી અર્જ સુણી પાર ઉતારો મુજકુ
શત્રુ મેરે અષ્ટ કર્મ ફંદે ફસાયા મુજકુ
તુમ બીન ઓર નહી ફંદ છોડાવે મુજકુ.
જ્ઞાન ધ્યાન તપ-જપ નહી ઉદયે આવે મુજકું,
એક તેરા નામકા આધાર પ્રભુ હે મુજકુ,
નર નારી સુરવર નીત્ય નમત હયે તુજકુ;
મેરાં મનમેતો પ્રભુ ધ્યાન ધરૂં મે તુજકું.
શેવક મનમાહી અરજ કરત હયે તુજકુ
જૈન તોરાદાસ કહે દરસ દેખાડો મુજકુ.

ગાયન ૧૬ મું.

કલ્યાણ—તાલ, ખેમટો પછી દાદરો

વાહરે મારા પ્રભુ ગતિ તારી ન કોઇથી કળાય,
જન્મ લઇ જીવ મારો માયાના ફંદે ફસાય,—વાહરે૦
એકતો છે પ્રભુ તારો આધાર, તુજ વિના હયે સબ જુઠો સંસાર

દયા લાવી પ્રભુ અમને તાર
હું છઉં બાળ, તું છે કૃપાળ,
લાગ્યો લાગ્યો લાગ્યો તોરા મુખડાનો રંગ,
નાચી માચી રાચી થયો ઘણો પ્રસંન.—વાહરે૦

ગાયન ૧૭ મું.

માઢ, તાલ લાવણી.

પધારો પ્રભુ પ્યારા તારણ હાર, કરો પાવન ચંદન બાળ—પધારો
વળો પાછા દીન દયાળ પધારો
આવી મારે આંગણેરે, પાછા વળી કેમ જાઓ;
અપરાધ એવો શું માહરોરે હે પ્રભુજી દરસાઓ પધારો
ભોજન વોરાવું ભાવતારે, અંતર આણી ઉલાસ,
દુખણી પર દયા દાખવોરે, કરગરી કહુ કરંણાળ. પધારો.
મહાવીર મહાવીર હું જપુરે, ભવદુખ ભંજન હાર,
ત્રીશલા નંદન તીહુગ સ્વામી આતમના આધાર પધારો.

ગાયન ૧૮ મું.

જીલ્લા, તાલ કેરબો.

પાર્શ્વનાથ દુખ કાપો દયાળુ ધણી,—ટેક.
અષ્ટ દ્રવ્યસે પુજા કરશે, તેમના મન લાંછીત સૌ ફળશે,
ભવ જળ વીધીથી સેહેજે તરશે, કરશે ફળશે તારશે દયાલુ ધણી
દુષ્ટ કરમ મેં કીધા ભારી, તેથી ગયો હું સમકીતહારી—
દુખમાંથી લ્યો મુજને તારી, ભારી વારી તારી—દયાળુ ધણી.
મને તમારો સેવક સ્થાપો, સેવક સ્થાપોને દુખડા કાપો,
દુખડા કાપીને મોક્ષજ આપો, થાપો કાપો આપો—દયાળુ ધણી
લક્ષુ આધ્યની આશા પુરો, સંકટ તેમના સર્વે ચુરો,
કદી એ મુજથી રહેશો ન દોરો, પુરો ચુરો દોરો—દયાળુ ધણી.

ગાયન ૧૯ મું.

સીંધ ભેરવી, તાલ કેરબો.

નેમ વાલે પ્રાણુ પ્યારે જાદુરી તોરી અખીયાં—ટેક
જાદુ ડારે એક ઇસારે તીર લગાયે છતીયા.
પીડ મીટા રાજુલકે દીલકી, પીર મીટા રાજુલકે દીલ.
સુની મીઠી મોહબતીયા. જાદુરી.

ગાયન ૨૦ મું.

જીંઝોટી તાલ કેરબો.

કીને દેખા હમારા સ્વામી, સ્વામીજી અંતર જામીરે—કીને૦
આઠ ભવકી પ્રીત પ્રકાશી, નવમે ગયા શીવ ગામીને—કીને૦
સેસાવનકી કુંજ ગલનમે, મળ્યા મુને અંતર જાગીરે—કીને૦
આપ ગયે ગીરનારી ઉપર, નારી તારી કેવળ પામીરે,—કીને૦
કહે નથુ પ્રભુ નેમ નગીનો, કહું છું આજ શીરનામીરે—કીને

ગાયન ૨૧ મું.

મહાડ–તાલ દાદરો.

દીપે દેવાધી દેવા, કુંથુજિનેવા, શિવ સુખ જેવા, પુજો પ્રભુના પાય
લેવા મોક્ષના મેવા, ચાખવા જેવા,
જાણીને એવા—પુજો પ્રભુના પાય—દીપે
શ્રી સુર માતા પિતા પ્રભુ પાયા, ગુણવંત ગજપુર ગામ,
કંચન વરણી કાયા તમારી, પાયા અવિચળ ધામરે,
કુંથું પ્યાસીને કેવા, ગંગાના જેવા, જાણીને એવાં. પુજો
સુંદર મંદીર અંદર સોહે અલબેલા આપની છાપ,
ભકતી કરે ભવિ આપ ભરૂસે, ટાળો ત્રીભૂવન તાપરે.
કુંથું ભુખ્યાને કેવા, ભોજન જેવા, જાણીને એવા, પુજો.
મનહર મૂરત તાત તમારી, જન મન રંજન જાણુ,
અવિકારી તારી આંખડી એવી, અવખોરે આંધ અંજનએરે

કુંથું અંધાને કેવા, ચક્ષુના જેવા, જાણીને એવા. પુજો.
વંદી નરિંદે ઇંદ્રને ચંદે વંદે અખિલે અપાર,
વંદે આનંદે તે પાપની કંદે નીંદે તો નર્ક તૈયારરે.
કુંથુ દર્દીને કેવા, ઔષધિ જેવા, જાણીને એવા. પુજો.
ગરજીની અરજી કાને તો ધરજી, હરજીયા સંઘની સાથ,
વહાલાજી વલ્યમ સુત નિહાળી નજર કરો કંથ નાથરે,
કુંથુ રંકને કેવા, રત્નના જેવા, જાણીને એવા પુજો.

ગાયન ૨૨ મું.

ઝીંઝોટી તાલ કેરવો.

આવો આવો ન રીસાઓ નાવરીઆ,
મોરા નાવરીઆ—મોરા નાવરીઆ, આવો.
મુકી રોતી રાજુલનાર, તોડી નવ ભવ કેરો પ્યાર,
ઘટે જાવું નહી ગીરનાર, ઉરે પ્રગટાવી અંગાર,
મને કરી ન જાઓ બાવરીઆ, આવો.
પીયુ આમ ફજેતી ન થાય, તમ ભ્રાત કુળ લજવાય,
વાળો રથ પાછો વરરાય, દયા લાવો દીલમાં કાંય,
નેમ નમેરા ન થાઓ, નાવરીઆ. આવો.

ગાયન ૨૩ મું

ઝીંઝોટી તાલ દાદરો.

પુરણ ભાગ્યે મળ્યા છો મલ્લીનાથ દેવા, કરૂં હું નીત્ય શેવા,
આપો મન મોક્ષ મેવા, આપો મન મોક્ષ મેવા,
આપો મન મોક્ષ મેવા,—જય, જય, જય, જય—
જુવો તખ્તે બેઠાછો જાણે જોત જેવા,
માગું હું શરણે રહેવા, કરમના દંડ દેવા,
કરમના દંડ દેવા, કરમના દંડ દેવા,—જય, જય, જય, જય—

આવો ગાવો બજાવો બંધુ નૃત્ય કરી, તારી લ્યો પ્રેમે કરી
દહાડો નહીં આવે ફરી, દહાડો નહી આવે ફરી,
દહાડો નહીં આવે ફરી;—જય, જય, જય, જય—

ગાયન ૨૪ મુ

ભેરવી-તાલ કેરબો.

છનનન નાચું દઈ છુમ છુમ તાલ,
પ્યારે મોરે પ્રભુજીપે વારીવારી જાઉં. છનન૦
એક તો અલબેલી સોહે અંગોપે આંગી,
દુજે મુગટ હયે મોતીકા વિસાળ
તીજે ફુલોકી એઠક બની હે,
ખુશ ખુશ થાઉં તોરા મુખડા નીહાળ—પ્યારે. છનનન૦
પાપ હટાવે પ્રભુ પેખનકુ જાવે, ઝેરી જગતકી છોટી જંજાળ
મંગળ રંગ એહી અંગમાં વાધે,
શાંતી સંઘમાં સ્થાપે વિશાળ,—પ્યારે—છનનન૦

ગાયન ૨૫ મું.

રાસડો-પીલુ બરવા તાલ, હીંચપછી દીપચંદી

ચાલો ચાલો ચતુર નર આજ, જીન મુખ જોવાને;
નમુ તારણુ તરણુ જહાજ ભવ દુખ ખોવાને,
જપી જાપ સદા જીન રાજ, અઘમલ ધોવાને,
એ કરીએ નીરમળ કાજ, શીવ વધુ મોવાને;
લિધી સલીત સ્વામી સેવીએ સદા,
માંગીએછે મંગળ મહારાજરે, અમને સંસાર સીંધુ તાત તારીએ
આસરો અમોને પ્રભુ એક આપનો.
કરીએ સરવગ્ન સુપસાયરે
અમને સંસાર સીંધુ તાત તારીએ
મૃગ મદ કેસર ચંદન ચોળી,

અમર વર ધનસારને ધોરી
પુજે મહાવીરજીન ટોળી, તન મન વચન સુધારી;
જાસુલ ફુલ અમુલ્ય ચડાવે, શીવ સુત કેશવ શીષ નમાવે;
સુખ કર સેવા બજાવે, તન મન વચન સુધારી.

ગાયન ૨૬ મું.

પીલુ બરવા તાલ દાદરો.

પ્રભુ મુજ અંતર જામી, હો પ્રભુ મુજ અંતર જામી;
અંતરની અડચણો આપ કાપીએ,
અમે કહીએ શીરજ નામી, હો અમે કહીએ શીરજ નામી,
સેવકનાં દુખ દયા કરીને દાબીએ
પાપો ઘણાં કીધા તણામાં કશોજ નહી રાખી મણાં;
એવા અઘોર કુકૃત્યો, આ જીવે કીધા ઘણાં,—પ્રભુ૦
પ્રભુજી હવે તુ તારને સંસારમાં છે દુઃખ ઘણા;
ગુણ ગાયે મહાવીર મંડળી, હમેંશ પ્રભુજી તણા—પ્રભુ૦

ગાયન ૨૭ મું.

જીંઝોટી તાલ કેરબો.

સુસંગી સુસંગી સુસંગી સુસગી પ્રભૂ મીલ ગયે;
સફલ ભયે મોરે નેન નેના સુસંગી પ્રભૂ મીલ ગયે;
એક તો મે દરીશન મે દરશન મે દરશન કી પ્યાસી;
દરશન બીના નહી ચયેન, નેના સુસંગી પ્રભૂ મીલ ગયે;
એક તો મે પાપી મે પાપી મે પાપી હુ પ્રાણી;
તારણ વાલે ભગવાન, નેના સુસંગી પ્રભૂ મીલ ગયે;
એક તો મે માયા મે માયા મે માયા કે લોભી;
જુઠી માયા મોરી જાન, નેના સુસંગી પ્રભૂ મીલ ગયે;
એક તો મે આયા મે આયા મે આયા તોરે શરણે.
જોઈન્ટ કલબ ગુણ ગાએ નેના સુસંગી પ્રભૂ મીલ ગયે;

ગાયન ૨૮ મું.

પહાડી—તાલ લાવણી.

નેમજી પ્યારા નેહ નજરથી, નાન, બચાવી લ્યો મુજને;
નમતા, પદમાં, તુંજના મનમા, ખુબ વધે સારી સુજને;—
ગ્યાન દાનનુ વારી સીંચી; સુધારો આ ભવ કુંજને;
હરખી, નરખી, પરખી, સરખી, આપો મદદ જાણી મુજને,—

ગાયન ૨૯ મું.

દેશ તાલ ખેમટો

હળવે ચાલો મોરા નેમ ગીરનાર, હળવે ચાલો મોરા નેમ;
મોહન મારા મનમાં વસ્યાને જગ વચ આપી છે દીદાર;–હળવે.
તોરણુ આવી ફરી ગયા તમે, પશુ ગણુનો પ્રભુ કર્યો ઉદ્ધાર–હળવે.
ગુણવંત ગુણના રાગીઆ, પણ દોષ વીના શો રોષ મારા નાથ;–
હળવે.
આઠ ભવની પ્રીત તમારી, નવમે ન છોડી જાગ્યો ભરથાર-હળવે.
રાજેમતી પતી શ્યામ સલુણા, આશ રહી મન જોવા નિહાળ;–
હળવે.
બ્રહ્મચારી વનગીરી વશ્યા તમે, જીતી મદન સદન સુખકાર;–
હળવે.
શ્રેષ્ટ સતી પતી પ્રીત ન છોડે, તોડે માયા ત્રીભુવની પ્યાર;-હળવે.
સંજમ લઈ સીવ પુરી પહોંચ્યા તમે, નેમ રાજે મતી તજે સંસાર
હળવે.
સુરત મંડળી અરજ કરે છે, "ઉદય પદમ"ને આપો સુખકાર,
હળવે.

ગાયન ૩૦ મું.

જીંઝોટી તાલ કેરબો.

બાજે, બાજે બધાઇ બાજેરે,
આજ રાજરી બધાઇ બાજે,—બાજે બાજે૦

શરણાઇ શીર નોબત બાજે,
ધન જયુ ગાજે છે રે—દીના નાથની બધાઇ બાજે—બાજે૦
ઇંદ્રાણી મીલ મંગળ ગાવે, મોતીયન ચોક પુરાવેરે—દીના૦
સેવક પ્રભુજીશું અરજ કરે છે,
ચરણકી સેવા પ્યારી લાગેરે,—દીન૦

ગાયન ૩૧ મું.

રાસડો—તાલ, કેરબો.

(સુંદરી શામળીઆ,નામજપીશનિત્યતારૂં-એરાગ)

જુગતે જીનવરજી, ધ્યાન તમારૂં ધારૂં
સુણજો આ અરજી, તન મન તમપર વારૂં.
ભાવ થકી નિત્ય ભક્તિ હું ધારૂં, કેસરચંદન ચરચું પ્યારૂં,
નૈવેદ્ય નાથ ધરાવું સારૂં, આરતી મંગળ આજ ઉતારૂં;
કાપજો કષ્ટ કૃપાળુ—જુગતે જીનવરજી૦
કામ ક્રોધ મદ મોહ નીવારી, સાહેબ સાચી ભક્તિ તમારી,
નાન સંઘ ઉછરંગ વધારી, સુરત સંગિત મંડળી ધારી;
ગાયે ગુણ મયાળુ—જુગતે જીનવરજી૦

ગાયન ૩૨ મું.

(અરે શું માનવનો અભીમાન—એ રાગ)

અરે જીવ જીનવરનું ધર ધ્યાન, તડાકે તરી જશેરે
ખરેખર મારૂં કહેવું માન, ફડાકે ફરી જશેરે;
ફડાકે ફરી જશેરે, તડાકે તરી જશેરે—અરે જીવ૦
અસાર આ સંસાર મહીં કંઇ સાચા......રે નથી;
લાલચમાં લપટાઇ મુરખ તું શું............રે મળી ?
સમજી જા સેતાન—અરે જીવ૦

માતા પીતાને બંધવા સ્વારથ સુધીના માનવા,
પ્રમદા પ્રીતમને પ્યારીના પણ એજ મેલ પ્રમાણવા,
જ્યાં સુધી તુજમાં જીવ છે ત્યાં સુધી તારા જાગુવા,
મુવા પછી મસાણુ ભણી એ લાગે તુને તાણવા—અરે.

ગાયન ૩૩ મું.

આરતી.

જય જય આરતી આદી જીનંદા, નાભિરાયા મારૂ દેવીકા નંદા
પહેલી આરતી પુજા કીજે, નર ભવ પામી લાહો લીજે,
દુસરી આરતી દીન દયાળ, ધુળેવ મંડપમાં જગ અજવાળા,
તીસરી આરતી ત્રીભૂવન દેવા, સુરનર ઇંદ્ર કરે તોરી સેવા.
ચોથી આરતી ચઉ ગતી ચુરે, મન વાછીત ફળ શીવ સુખ પૂરે
પંચમી આરતી પુન્ય ઉપાયા, મુલચંદ રીખભ ગુણ ગાયા.

ગાયન ૩૪ મું.

દીવો રે દીવો મંગળીક દીવો, આરતી ઉતારણુ બહુચરણુ જીવે
સોહામણો ઘેર પરવ દીવાલી, અમર ખેલે અબળા નારી
દીપાળ ભણે જેણે અજુવાળી, ભાવે ભકતે વદન નીહાળી
દીપાળ ભણે જેણે એ કળીકાળે આરતી ઉતારી રાજા કુવર પાળે
તમ ઘર મંગળીક અમ ઘેર મંગળીક
મંગળીક ચતુર વીધ સંઘને હોજો—દીવોરે દીવો

સમાપ્ત.